જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧૧/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૬૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૫ કેસ કરી, ૬૦ વ્યક્તિઓને ઝડપી, ૧૨૩ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૦૨ બિયર ટીન અને ૦૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૫૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૬૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૬૬૬/૨૦૨૫**

સાયબર ક્રાઈમઃ મેઘાણીનગર વિસ્તારમાં રહેતી મહીલાએ તા.૨૫/૧૧/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જાન્યુઆરી–૨૦૧૯ થી તા.૦૪/૦૬/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૯૯૫૩૩૯૩૪૫૦ ના ધારકે મહીલાને ફોન કરી હૈદરાબાદથી મેક્સ લાઈફ ઈન્સોરન્સમાંથી વિકાસ ગુપ્તા વાત કરતા હોવાની પોતાની ઓળખ આપી જણાવેલ કે, મેક્સ લાઈફ ઈન્સોરન્સની જે પોલીસી છે તેમાં એજન્ટને જે કમિશન આપવામાં આવે છે તે હવેથી તમને મળશે તેમ કહી મહીલાને Grand Holiday Vacastion (OPC) Pvt. Ltd. માં રજીસ્ટ્રેશન કરવા જણાવી સૌપ્રથમ રૂપિયા ૨૫,૦૦૦/– તેઓ દ્વારા આપવામાં આવેલ બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી બાદમાં હોલીડે પેકેજ મેમ્બરશીપના નામે બીજા રૂપિયા ટ્રાન્સફર કરાવેલ ત્યારબાદ બીજા અલગ–અલગ મોબાઈલ નંબરથી અલગ–અલગ વ્યક્તિઓએ મેક્સ હૈદરાબાદ લાઈફ ઈન્સોરન્સમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી કમિશનના નાણાં સાથે અંદાજીત એક કરોડ આઠત્રીસ લાખ જેટલા રૂપિયા મળશે તેવી ખોટી હકિકત જણાવી લલચાવી, વિશ્વાસમાં લઈ આ રૂપિયા મેળવવા સારૂ પ્રોસેસીંગ નો અલગ–અલગ ચાર્જ જણાવી અલગ–અલગ બેન્ક ખાતામાં કુલ રૂપિયા ૨૧,૯૦,૧૪૯/– ટ્રાન્સફર કરાવી મેળવી લઈ પરત નહી આપી મહીલા સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.પી.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૬૬૭/૨૦૨૫**

ચાંદખેડાઃ જશવતસિંઘ પ્રધુમનસિંઘ દત્ત (રહે. અશોકા મૈત્રી વિભાગ–૩ હિમાલયા ઝીરોકોન સામે મોટેરા) એ તા.૨૫/૧૧/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૦/૨૦૨૫ થી તા.૨૪/૧૦/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના–ચાંદીના દાગીના, ચાંદીના વાસણો તેમજ ચાંદીના સીક્કા અને રોકડ રૂપિયા ૯૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૯૮,૫૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.વી.પાંડે ચલાવે છે.

દરીયાપુરઃ નિરવ નવિનચંદ્ર પ્રજાપતિ (રહે. સોમાભાઇ ચેમ્બર સામે લુણસાવાડ દરીયાપુર) એ તા.૨૫/૧૧/૨૦૨૫ ના રોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૧/૨૦૨૫ કલાક ૧૦/૩૦ થી તા.૨૪/૧૧/૨૦૨૫ બપોરના ૦૩/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની બાજુમાં સ્લાઇડર બારી વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટના ડ્રોઅરમાંથી સોના–ચાંદીની લગડી, સોના–ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા ૧૨,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨૩,૧૦,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.સી.ચૌધરી ચલાવે છે.

નરોડાઃ પુનમબહેન વા/ઓ ઉમેશકુમાર ઠાકોર (રહે. પુષ્પક બંગ્લોઝ શિલ્પગ્રામ સોસાયટી સામે નાના ચિલોડા નરોડા) એ તા.૨૫/૧૧/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૧/૨૦૨૫ સવારના ૦૯/૦૦ વાગ્યા પહેલા પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી લોખંડની તિજોરીના લોકરમાંથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૭૦,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૬૬૮/૨૦૨૫**

રખિયાલઃ હર્ષદભાઇ પુનમભાઇ ડાભી (ઉ.વ.૭૫) (રહે. અનંત સોસાયટી વિભાગ–૦૨ ચકુડીયા મહાદેવ રોડ રખિયાલ) એ બિમારીથી કંટાળી તા.૨૪/૧૧/૨૦૨૫ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી આત્મહત્યા કરી હતી. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.સોલંકી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી